શેઠ પી. ટી. સુરત જનરલ હોસ્પિટલ
ડૉ. ભટ્ટની હોસ્પિટલ
બાલાજી રોડ, સ્વ. શ્રી કનૈયાલાલ મોદી માર્ગ, સુરત.
ફોન : ૦૨૬૧-૨૫૯૨૦૪૦, ૨૫૯૨૦૪૧, ૨૬૦૪૦૦૦
હોસ્પિટલ ૨૪ કલાક ઈમરજન્સી અને અકસ્માત કેસ માટે ચાલુ છે.
* અનુભવી ડૉક્ટર્સ
* અત્યંત વ્યાજબી ભાવે સેવા
* "માં" કાર્ડ યોજના હેઠળ મફત ઓપરેશન
કેશલેસ અને મેડીક્લેઈમની સેવા ઉપલબ્ધ
સાચા અર્થમાં ટ્રસ્ટ હોસ્પિટલ...

ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રીઃ મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા
વડોદરા

JSW Colouron+ Premium Al-Zn Colour Coated Sheets | ISC | durashine | TATA SHAKTEE
ALEVATE PERFORMANCE AT ITS PEAK Aluminium Roofing Sheets
• Aluminium - Colour Coated, Corrugated Roofing Sheets
• Galvanised Plain Sheet - MS - CRC sheets
• Asian - Apollo - Tata Square Pipe & Round Pipe
• 60 & 80 Micron GI HOTDIP Pipe For Solar Roof Top
• Poly Carbonate, PVC Sheets & Roofing Accessories
STEEL TRADING COMPANY
MUGATLAL GROUP
Near Krishna Pertrolpump, Udhna Main Road, Surat.
Mobile : 7575882332, 7575053830
E-mail: info@steeltrading.in Webside: www.steeltrading.in

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ ચૈત્ર સુદ ત્રીજ શનિવાર ૨૧ માર્ચ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૨૫

પાનાં ૧૨+૧૨ કિંમત ₹ ૫.૦૦

# ઈરાનની વિશ્વભરના પ્રવાસન સ્થળો પર હુમલાની ધમકી

**યુદ્ધના** ૨૧મા દિવસે તણાવ ચરમસીમાએ, અમેરિકાએ મધ્ય-પૂર્વમાં વધુ ૨,૫૦૦ મરીન્સ અને ૩ યુદ્ધજહાજો મોકલ્યા; કતાર-કુવૈતના તેલ ડેપો પર ઈરાની મિસાઈલ પ્રહાર

**દુબઈ, તા. 20.** ઈરાન અને અમેરિકા-ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા ભીષણ યુદ્ધને ત્રણ અઠવાડિયા પૂર્ણ થયા છે. ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા મુજતબા ખામેનેઈએ શુક્રવારે એક નિવેદન જારી કરી શ્રદ્ધાળુઓને સ્થિર રહેવા અપીલ કરી છે, જ્યારે ઈરાની સેનાએ વિશ્વભરના પ્રવાસી સ્થળો પર હુમલા કરવાની ખુલ્લી ધમકી આપી છે. ઈરાનના સૈન્ય પ્રવક્તા જનરલ અબુલફઝલ શેકરચીએ ચેતવણી આપી છે કે ઈરાનના દુશ્મનો માટે વિશ્વભરના "પાર્ક, મનોરંજન ક્ષેત્રો અને પ્રવાસન સ્થળો" હવે સુરક્ષિત રહેશે નહીં. આ નિવેદનથી વૈશ્વિક સ્તરે આતંકવાદી હુમલાનો ભય વધી ગયો છે. વધતા તણાવને જોતા અમેરિકાએ મધ્ય-પૂર્વમાં વધુ ૨,૫૦૦ મરીન્સ અને ૩ શક્તિશાળી યુદ્ધજહાજો (જેમાં USS Boxer સામેલ છે) તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. ઈરાને કુવૈતની વિશાળ 'મીના અલ-અહમદી' રિફાઈનરી પર ડ્રોન હુમલા કર્યા છે, જેનાથી ત્યાં ભીષણ આગ ફાટી

...અનુસંધાન પાના 11 પર



■ મંગળવારે તેહરાનમાં એક વ્યૂહાત્મક ચેકપોઈન્ટ પર થયેલા ભીષણ હુમલાના ફૂટેજ સોશિયલ મીડિયા પર વાયરલ થયા છે. આ વીડિયોમાં હુમલા પછીની તારાજી અને ધુમાડાના ગોટા સ્પષ્ટ જોઈ શકાય છે.

## ડોલર સામે રૂપિયો 93.53ની રેકોર્ડ નીચલી સપાટીએ

**નવી દિલ્હી, તા. 20 (PTI):** મધ્ય-પૂર્વમાં વધતા ભૌગોલિક-રાજકીય તણાવ અને વિદેશી ભંડોળના સતત આઉટફ્લોને કારણે ભારતીય રૂપિયો શુક્રવારે ડોલર સામે 64 પૈસા તૂટીને 93.53ની ઐતિહાસિક નીચલી સપાટીએ બંધ રહ્યો હતો.

ફોરેક્સ ટ્રેડર્સના જણાવ્યા અનુસાર, ઈરાન સંઘર્ષના ત્રીજા સપ્તાહમાં ઊર્જા પુરવઠાની ચિંતા અને વધતા જતા જોખમને કારણે રોકાણકારો સુરક્ષિત સંપત્તિ ગણાતા ડોલર તરફ વળ્યા છે, જેનાથી રૂપિયા પર દબાણ વધ્યું છે.

ઈન્ટરબેંક ફોરેન એક્સચેન્જમાં રૂપિયો 92.92 પર ખૂલ્યા બાદ પ્રથમ વખત 93ની સપાટી વટાવી ગયો હતો. બુધવારે રૂપિયો 92.89 પર બંધ થયો હતો, જ્યારે ગુરુવારે ગુડી પડવા નિમિત્તે બજાર બંધ રહ્યા બાદ શુક્રવારે તેમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો. વિશ્લેષક દિલીપ પરમારના જણાવ્યા મુજબ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ શુક્રવારે નેટ ધોરણે રૂ. 5,518.39 કરોડની ઈક્વિટી વેચી હતી, જે રૂપિયાના અવમૂલ્યનનું મુખ્ય કારણ છે.

ભારત તેના આશરે 89 ટકા ક્રૂડ ઓઈલની આયાત કરે છે. હોર્મુઝની સામુદ્રધુની આંશિક રીતે બંધ થતા બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવ 108.62 પ્રતિ બેરલની આસપાસ રહ્યા છે, જે ભારતના આયાત બિલ અને ચાલુ ખાતાની ખાધમાં વધારો કરી શકે છે. આરબીઆઈના ડેટા મુજબ, 13 માર્ચે પૂરા થયેલા સપ્તાહમાં ભારતનું વિદેશી મુદ્રા ભંડાર 7.052 ડોલર

...અનુસંધાન પાના 11 પર

### યુએસ સેનાનો હોર્મુઝની સામુદ્રધુનીમાં મોટો હુમલોઃ તેલનો માર્ગ ખોલવા કવાયત

અમેરિકી વાયુસેના અને એટેક હેલિકોપ્ટરોએ હોર્મુઝની સામુદ્રધુનીમાં ઈરાની ડ્રોન અને નૌકાદળના જહાજો પર હુમલા તેજ કર્યા છે. ઈરાને માઈન્સ, મિસાઈલ અને ડ્રોન દ્વારા આ વ્યૂહાત્મક માર્ગને લગભગ બંધ કરી દીધો છે, જેના કારણે વિશ્વના તેલ અને ગેસના પુરવઠા પર મોટું સંકટ તોળાઈ રહ્યું છે.

**NATOની ઈરાકમાંથી પીછેહઠ:** સુરક્ષાના કારણોસર NATO એ ઈરાકમાંથી તેના છેલ્લા લશ્કરી ટ્રેનરોને પાછા ખેંચી લીધા છે અને મિશનને ઈટાલી ખસેડ્યું છે.

**જાનહાનિના આંકડાઃ**
**ઈરાનઃ** અત્યાર સુધીમાં ૧,૩૦૦થી વધુ લોકોના મોત.
**લેબનોનઃ** ૧,૦૦૦થી વધુ લોકોના મોત અને ૧૦ લાખથી વધુ લોકો વિસ્થાપિત.
**ઈઝરાયેલઃ** મિસાઈલ હુમલામાં ૧૫ નાગરિકોના મોત.
**અમેરિકાઃ** અત્યાર સુધીમાં ૧૩ સૈનિકો શહીદ થયા છે.

7 કલાક હવામાં રહ્યા બાદ દિલ્હી પરત ફર્યું

## એર ઇન્ડિયાએ ખોટું વિમાન વેનકુવર મોકલ્યું




**તે વિમાનને** તે રૂટ પર ઓપરેટ કરવાની સત્તાવાર મંજૂરી ન હતી

**શુક્રવારે** સવારે અન્ય વિમાન દ્વારા મુસાફરોને વેનકુવર મોકલવામાં આવ્યા

**નવી દિલ્હી, તા. 20 (PTI):** દિલ્હીથી કેનેડાના વેનકુવર જઈ રહેલું એર ઇન્ડિયાનું બોઈંગ 777-200 એલઆર વિમાન ગુરુવારે સાંજે સાત કલાકની ઉડાન બાદ અચાનક દિલ્હી પરત ફર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, જે વિમાન મોકલવામાં આવ્યું હતું તેને તે રૂટ પર ઓપરેટ કરવાની સત્તાવાર મંજૂરી ન હતી. કેનેડા માટેની ફ્લાઇટ્સના સંચાલન માટેની જરૂરિયાતોની યાદી અપડેટ કરવામાં થયેલી ક્ષતિને કારણે ખોટું વિમાન મોકલવામાં આવ્યું હોવાનું બહાર આવ્યું છે.

ફ્લાઇટ ટ્રેકિંગ વેબસાઇટ ફ્લાઈટ-રડાર-24.કોમ મુજબ, જ્યારે આ વિમાન ચીની હવાઈ ક્ષેત્રમાં હતું ત્યારે તેને પરત દિલ્હી વાળવાનો નિર્ણય લેવાયો હતો. એર ઇન્ડિયાએ શુક્રવારે જારી કરેલા નિવેદનમાં જણાવ્યું હતું કે, '19 માર્ચના રોજ દિલ્હીથી વેનકુવર જતી ફ્લાઇટ એઆઈ-185 ઓપરેશનલ સમસ્યાને

...અનુસંધાન પાના 11 પર

ગુજરાતમિત્ર
ઈદ-ઉલ-ફિત્ર રમઝાન ઈદના પવિત્ર પર્વ નિમિતે "ગુજરાતમિત્ર" સમસ્ત મુસ્લિમ બિરાદરોને રમઝાન ઈદની શુભેચ્છાઓ પાઠવે છે

ગુજરાતમિત્ર
સમસ્ત પારસી જરથોસ્તી સમાજને ગુજરાતમિત્ર "નવરોઝ મુબારક"ની શુભેચ્છાઓ પાઠવે છે

### પશ્ચિમ એશિયાના યુદ્ધમાં વધુ એક ભારતીયનું મોત

**નવી દિલ્હી, તા. 20 (PTI):** પશ્ચિમ એશિયામાં છેલ્લા ત્રણ અઠવાડિયાથી ચાલી રહેલા ભીષણ સંઘર્ષમાં વધુ એક ભારતીય નાગરિકનું મૃત્યુ થયું છે. સાઉદી અરેબિયાની રાજધાની રિયાધ પર બુધવારે મોડી રાત્રે થયેલા ઈરાની મિસાઈલ હુમલામાં આ ભારતીયનું મોત નીપજ્યું હતું. આ સાથે જ 28 ફેબ્રુઆરીએ ઈરાન-અમેરિકા વચ્ચે શરૂ થયેલા આ યુદ્ધમાં અત્યાર સુધીમાં કુલ 6 ભારતીયોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

આ બાબતથી વાકેફ સૂત્રોના જણાવ્યા મુજબ, હજુ એ સ્પષ્ટ નથી થયું કે તે વ્યક્તિ સીધો મિસાઈલ હુમલાનો ભોગ બન્યો હતો કે પછી આંતરીને નષ્ટ કરાયેલી મિસાઈલના કાટમાળ પડવાને કારણે તેનું મોત થયું હતું. રિયાધ સ્થિત ભારતીય દૂતાવાસે આ દુઃખદ ઘટના અંગે શોક વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, '18 માર્ચની ઘટનામાં એક ભારતીય નાગરિકના આકસ્મિક અવસાન બદલ અમે ઊંડી સંવેદના વ્યક્ત કરીએ છીએ. અમે મૃતકના પરિવાર અને સ્થાનિક સત્તાવાળાઓના સંપર્કમાં છીએ અને તમામ શક્ય સહાય પૂરી પાડવા માટે કટિબદ્ધ છીએ.' ઉલ્લેખનીય છે કે જમીન પર ભારતીય નાગરિકના મોતની આ ત્રીજી ઘટના છે. આ અગાઉ 13 માર્ચના રોજ ઓમાનના સોહાર શહેરમાં થયેલા ડ્રોન હુમલામાં બે ભારતીયોના મોત થયાં હતાં અને 10 અન્ય ઈજાગ્રસ્ત થયા હતા. આ ઉપરાંત, અગાઉ દરિયામાં વેપારી જહાજો પર થયેલા હુમલામાં ત્રણ ભારતીય ખલાસીઓ પણ શહીદ થયા હતા. પશ્ચિમ એશિયામાં વસતા આશરે 1 કરોડ ભારતીયોની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે ભારત સરકાર હાલમાં રાજદ્વારી પ્રયાસો તેજ કરી રહી છે.

## પ્રીમિયમ પેટ્રોલ 2 અને બલ્ક ડીઝલ રૂ. 22 મોંઘું

**સામાન્ય** પેટ્રોલ અને ડીઝલમાં કોઈ વધારો નહીં

**કેટલીક** જગ્યાએ એક્સપી-95 પેટ્રોલની કિંમત રૂ. 101.89 પ્રતિ લિટર પર પહોંચી

**નવી દિલ્હી, તા. 20:** મધ્ય-પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે વૈશ્વિક તેલના ભાવમાં આવેલા ઉછાળાની અસર ભારતમાં જોવા મળી રહી છે. શુક્રવારે પ્રીમિયમ અથવા હાયર-ગ્રેડ પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર રૂ. 2નો વધારો કરવામાં આવ્યો છે, જ્યારે ઔદ્યોગિક વપરાશકારોને વેચવામાં આવતા બલ્ક ડીઝલના ભાવમાં પ્રતિ લિટર આશરે રૂ. 22નો મોટો વધારો ઝીંકાયો છે. જોકે, સામાન્ય જનતા માટે રાહતની વાત એ છે કે રેગ્યુલર પેટ્રોલ અને ડીઝલના ભાવમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી.

આ વધારો ઈન્ડિયન ઓઈલના એક્સપી-95 અને હિન્દુસ્તાન પેટ્રોલિયમના પાવર જેવા હાઈ-ઓક્ટિન ઈંધણ પર આજથી જ અમલમાં આવ્યો છે. રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં 95-ઓક્ટેન પ્રીમિયમ પેટ્રોલની કિંમત રૂ. 99.89થી વધીને રૂ. 101.89 પ્રતિ લિટર થઈ ગઈ છે.

તેની સાથે જ ઔદ્યોગિક એકમો માટેના બલ્ક ડીઝલના ભાવ દિલ્હીમાં રૂ. 87.67થી વધીને રૂ. 109.59 થયા છે. ઉલ્લેખનીય છે કે દિલ્હીમાં સામાન્ય પેટ્રોલ હજુ પણ રૂ. 94.77 અને સામાન્ય ડીઝલ રૂ. 87.67 પ્રતિ લિટરના ભાવે મળી રહ્યું છે.

મુંબઈમાં ઔદ્યોગિક ડીઝલનો ભાવ રૂ. 22.72 વધીને રૂ. 113.11, કોલકાતામાં રૂ. 21.97 વધીને Rs 114.27 અને ચેન્નાઈમાં રૂ. 20.84 વધીને Rs 113.38 પ્રતિ લિટર થયો છે. આ કમર્શિયલ ડીઝલનો ઉપયોગ ટેલિકોમ ટાવર જેવા એકમોમાં પાવર જરૂરિયાતો માટે થાય છે.

વૈશ્વિક બજારમાં ઈરાન યુદ્ધને કારણે ગુરુવારે ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ 119 ડોલર સુધી પહોંચ્યા હતા, જે બાદમાં ઘટીને 108ની આસપાસ રહ્યા છે. સાથે જ અમેરિકી ડોલર સામે રૂપિયો તેની રેકોર્ડ નીચલી સપાટીએ પહોંચ્યો હોવાથી આયાત મોંઘી બની છે. ભારત તેની જરૂરિયાતનું 88 ટકા ક્રૂડ ઓઈલ આયાત કરે છે, જેનો મોટો હિસ્સો હોર્મુઝની સામુદ્રધુની મારફતે આવે છે. હાલમાં આ વિસ્તારમાં તણાવને કારણે ટેન્કરોની અવરજવર પર અસર પડી રહી છે.

પેટ્રોલિયમ મંત્રાલયના જોઈન્ટ સેક્રેટરી સુજાતા શર્માએ સ્પષ્ટ કર્યું હતું કે આ વધારો માત્ર પ્રીમિયમ કેટેગરી પૂરતો મર્યાદિત છે અને ભાવ નક્કી કરવાનો નિર્ણય કંપનીઓ સ્વતંત્ર રીતે લે છે.

દિલ્હી, મુંબઈ અને બેંગલુરુ જેવા મુખ્ય શહેરોમાં સામાન્ય ઈંધણના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી. પ્રીમિયમ પેટ્રોલમાં આ વધારો સૂચવે છે કે જો ક્રૂડના ભાવ હજુ વધશે, તો આગામી સમયમાં સામાન્ય ઈંધણ પર પણ અસર પડી શકે છે.

## LPGની અછત યથાવતઃ કોમર્શિયલ સપ્લાયમાં કાપ

**ઘરેલુ** ગ્રાહકોને પ્રાથમિકતા, પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે હોર્મુઝની સામુદ્રધુની બંધ થતા આયાત ખોરવાઈ; સરકારે PNG પર ભાર મૂક્યો



**નવી દિલ્હી, તા. 20.** દેશમાં સતત ત્રીજા અઠવાડિયે LPG (રસોઈ ગેસ)ની અછતનો માહોલ જોવા મળી રહ્યો છે. ઈરાન પર અમેરિકા અને ઈઝરાયેલના હુમલા બાદ મધ્ય પૂર્વમાં યુદ્ધ ફાટી નીકળતા સપ્લાય ચેઈનને માઠી અસર થઈ છે. ભારત પોતાની જરૂરિયાતનો 60% ગેસ જે રૂટ પરથી મંગાવે છે તે 'સ્ટ્રેટ ઓફ હોર્મુઝ' બંધ હોવાને કારણે આ સ્થિતિ સર્જાઈ છે. ગેસ ખૂટી જશે તેવા ડરથી 13 માર્ચના

...અનુસંધાન પાના 11 પર

ઓનલાઇન સટ્ટાબાજી

## સરકારે 300 ગેરકાયદેસર વેબસાઈટ્સ અને એપ્સ બ્લોક કરી

**'ઓનલાઇન** ગેમિંગ એક્ટ 2025' હેઠળ અત્યાર સુધીમાં 8,400 પ્લેટફોર્મ્સ ઠપ્પ

**મની** ગેમ્સ રમાડનારને 3 વર્ષ સુધીની જેલની સજા અથવા 1 કરોડનું દંડ

**આર્થિક** વ્યવહારોમાં મદદ કરનાર બેંકો અને પેમેન્ટ સિસ્ટમ પર પણ પ્રતિબંધ

**નવી દિલ્હી, તા. 20 (પીટીઆઈ):** દેશમાં ગેરકાયદેસર જુગાર અને સટ્ટાબાજીની પ્રવૃત્તિઓ ડામવા માટે સરકારે એક મોટું પગલું ભરતા 300 જેટલી વેબસાઈટ્સ અને એપ્લિકેશન્સને બ્લોક કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ યાદીમાં ઓનલાઈન સ્પોર્ટ્સ બેટિંગ પ્લેટફોર્મ્સ, ઓનલાઈન કેસિનો, સ્લોટ્સ, સટ્ટા/મટકા નેટવર્ક્સ અને રિયલ-મની કાર્ડ ગેમ્સનો સમાવેશ થાય છે.

અત્યાર સુધીમાં આવી કુલ 8,400 જેટલી વેબસાઈટ્સ બ્લોક કરવામાં આવી છે, જેમાંથી 4,900 જેટલી તો 'ઓનલાઈન ગેમિંગ એક્ટ' પસાર થયા બાદ બ્લોક કરાઈ છે.

સરકારે સુરક્ષિત અને જવાબદાર ગેમિંગ ઈકોસિસ્ટમ સુનિશ્ચિત કરવા માટે 'પ્રમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ એક્ટ, 2025' લાગુ કર્યો છે. આ કાયદા હેઠળ તમામ પ્રકારની ઓનલાઈન મની ગેમ્સ, પછી તે નસીબ આધારિત હોય કે કૌશલ્ય આધારિત, તેના પર સંપૂર્ણ પ્રતિબંધ છે. આમાં આવી રમતોની જાહેરાત કે બેંકો અથવા પેમેન્ટ સિસ્ટમ દ્વારા આર્થિક વ્યવહારોની સુવિધા પર પણ પ્રતિબંધ.

કાયદાના ભંગ બદલ કડક સજાની જોગવાઈ છે. ઓનલાઈન મની ગેમ્સ ઓફર કરવા બદલ 3 વર્ષ સુધીની જેલ અથવા રૂ. 1 કરોડ સુધીનો દંડ થઈ શકે છે. જો બીજી વાર આ ગુનો આચરવામાં આવે, તો સજા વધીને 5 વર્ષ અને દંડ રૂ. 2 કરોડ સુધી થઈ શકે છે. જ્યારે આવી રમતોની જાહેરાત માટે 2 વર્ષની જેલ અથવા રૂ. 50 લાખ સુધીના દંડની જોગવાઈ છે. વધુમાં, નેશનલ લેવલની 'ઓનલાઈન ગેમિંગ ઓથોરિટી ઓફ ઈન્ડિયા'ની સ્થાપના કરવામાં આવશે, જે માન્ય રમતોનું રજીસ્ટ્રેશન અને વપરાશકર્તાઓની ફરિયાદોનું નિવારણ કરશે.

ક્રિપ્ટો એક્સચેન્જો માટે તમામ વ્યવહારોની માહિતી ટેક્સ વિભાગ સાથે શેર કરવી ફરજિયાત

## નવો ઈન્કમ ટેક્સ કાયદોઃ 1 એપ્રિલથી બદલાશે નિયમો

**પગારદારોને** HRAમાં મોટી રાહત, પણ મકાનમાલિક અને ભાડુઆત વચ્ચેના સંબંધો જાહેર કરવા ફરજિયાત

**અમદાવાદ** સહિત 8 શહેરોમાં 50% HRA માફી; રોકડ વ્યવહારો માટે PAN ની મર્યાદામાં મોટો વધારો

**નવી દિલ્હી, તા. 20.** સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસ (CBDT) દ્વારા શુક્રવારે 'ઈન્કમ ટેક્સ નિયમો, 2026' જાહેર કરવામાં આવ્યા છે. 1 એપ્રિલ, 2026 થી અમલી બનનારા આ નવા નિયમો ગત વર્ષે સંસદમાં પસાર થયેલા સરળ ડાયરેક્ટ ટેક્સ કાયદાનો ભાગ છે. 60 વર્ષ જૂના 1961ના કાયદાના સ્થાને આવેલા આ નવા નિયમોમાં ભાષા સરળ કરવામાં આવી છે અને કરદાતાઓ માટે અનેક મહત્વની જોગવાઈઓ બદલાઈ છે.

**PAN કાર્ડની નવી મર્યાદાઃ**

**બેંકિંગઃ** હવે વર્ષમાં 10 લાખ કે તેથી વધુ રોકડ જમા કે ઉપાડ માટે PAN ફરજિયાત બનશે (અત્યારે દૈનિક 50,000ની મર્યાદા છે).
**વાહન ખરીદીઃ** 5 લાખથી વધુની કિંમતના વાહન (ટુ-વ્હીલર સહિત) માટે PAN આપવું પડશે.
**હોટલ બિલઃ** હોટલ, રેસ્ટોરન્ટ કે બેન્ક્વેટ હોલના 1 લાખથી વધુના બિલ પર PAN ફરજિયાત (અગાઉ મર્યાદા 50,000 હતી).
**પ્રોપર્ટીઃ** સ્થાવર મિલકતના સોદામાં PAN ની મર્યાદા 10 લાખથી વધારીને 20 લાખ કરવામાં આવી છે.
**ઇલેક્ટ્રિક વ્હીકલ (EV):** કંપની તરફથી મળતા ઇલેક્ટ્રિક વાહનોના મૂલ્યાંકનને હવે 1.6 લિટરથી ઓછી ક્ષમતાવાળી કારની સમકક્ષ ગણવામાં આવશે, જે કર્મચારીઓ માટે ફાયદાકારક રહેશે.

મુખ્ય ફેરફારો એક નજરેઃ

**HRAમાં મોટો ફાયદોઃ** અત્યાર સુધી માત્ર મુંબઈ, દિલ્હી, કોલકાતા અને ચેન્નાઈમાં જ 50% HRA એક્ઝેમ્પ્શન મળતું હતું. હવે આ યાદીમાં અમદાવાદ, પુણે, બેંગલુરુ અને હૈદરાબાદનો ઉમેરો થયો છે. એટલે કે આ 8 શહેરોમાં રહેતા પગારદારોને પગારના 50% સુધી HRA માફી મળશે. જોકે, મકાનમાલિક અને ભાડુઆત વચ્ચેના સંબંધોની સ્પષ્ટતા કરવી હવે ફરજિયાત રહેશે.

**ભાડાની વિગતોમાં પારદર્શિતાઃ** હવેથી HRA (હાઉસ રેન્ટ એલાઉન્સ)માં ટેક્સ મુક્તિ મેળવવા

...અનુસંધાન પાના 11 પર

તા. ૨૦-૦૩-૨૦૨૬નું વડોદરા શહેરનું
**હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૨.૨° સે. | ૧૮.૬° સે. | ૩૭% |